# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-04-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM- NARMADA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે નર્મદા જિલ્લાના રાજપીપળાની મુલાકાતે છે. કમલમ ખાતે પક્ષની બેઠક યોજીને મુખ્યમંત્રીએ નર્મદાની બન્ને બેઠકો પરના ઉમેદવારોને 5 લાખથી વધુ મતોથી જીતાડવા માટે માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે શ્રી પટેલે ભરૂચ લોકસભા બેઠકમાં ડેડીયાપાડા વિધાનસભામાંથી વધુ મતો ભાજપને મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## GUJ. RANDOMIZATION

સમગ્ર રાજ્યમાં ગઇકાલે EVM મશીનનું કોમ્પ્યુરાઈઝ્ડ રેન્ડમાઈઝેશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

તે અંતર્ગત ડાંગ જિલ્લાના ચૂંટણી અધિકારી મહેશ પટેલની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે ઈવીએમ મશીનનું ઈલેક્ટ્રોનિક રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધીઓએ ઉપસ્થિત રહી ઈલેક્ટ્રોનિક રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા નિહાળી હતી.

ભરૂચ અને છોટાઉદેપુર લોકસભા મત વિસ્તારમાં આવતા દેડિયાપાડા અને નાંદોદ માટે નર્મદા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કલેક્ટર કચેરીમાં કોમ્પ્યુરાઈઝ્ડ રેન્ડમાઈઝેશન કરવામાં આવ્યું હતું અને હવે બન્ને પ્રાંતમાં EVMની ફાળવણી શરૂ કરવામાં આવી છે. રેન્ડમાઈઝ્ડ EVM તમામ વિધાનસભા મતવિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીઓને સોંપવામાં આવશે.

## GUJ. MATDAR JAGRUTI

લોકસભાની સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં લઇને રાજ્યમાં વધુ મતદાન થાય તે માટે ચૂંટણી વિભાગ દ્વારા મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો હાથ ધરાયા છે.

જે અંતર્ગત, અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ચૂંટણી વિભાગ દ્વારા સાઇકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચુંટણી વિભાગના અધિકારીઓ, શિક્ષકો તેમજ નગરજનોએ મતદાન અવશ્ય કરવાના શપથ લીધા હતા.

તો મહેસાણાના કડી અને વિસનગરના NSSના વિદ્યાર્થીઓ શેરી નાટકથી મતદાન જાગૃતિનો સંદેશો પહોંચાડી રહ્યા છે. ઉપરાંત ખેરાલુ તેમજ વડનગરના ગામોમાં ખેતીવાડી વિભાગના ગ્રામસેવકો લોક સંપર્ક કરી મતદાન જાગૃતિના કામ કરી રહ્યા છે.

જ્યારે આણંદ જિલ્લામાં એસ.ટી. ડેપો ખાતે પણ મુસાફરી અર્થે અગ્રણીઓ દ્વારા નાગરિકોને મતદાન કરવા અંગે જાગૃત કરાયા હતા.

ખેડા જિલ્લાનાં નડિયાદમાં યોજાયેલા એક કાર્યક્રમમાં રમતવીરોના વાલીઓએ અચૂક મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

જ્યારે પાટણના હારીજની તમામ શાળાના શિક્ષકોએ બાઇક રેલી યોજીને નગરજનોને મતદાનનું મહત્વ સમજાવ્યું હતું.

ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં મતદાન જાગૃતિ અંગે દોડનું આયોજન કરાયું હતું.

કચ્છ જીલ્લામાં પણ વિવિધ શાળા તેમજ કોલેજમાં માનવસાંકળ રચી “અવસર છે લોકશાહીનો” લોગો બનાવી મતદાન જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો હતો.

## KHEDA- LOKSABHA ELECTION

ખેડા જિલ્લામાં આદર્શ આચારસંહિતાના અમલીકરણ માટે 24 જેટલા નોડલ અધિકારીઓ દ્વારા સરકારી અને ખાનગી ઇમારતો પરથી કુલ 4 હજાર 496 જેટલા પોસ્ટર-બેનર્સ સહિતની પ્રચારાત્મક સામગ્રી હટાવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ખેડા જિલ્લામાં ચૂંટણી દરમિયાન આચારસંહિતાના અમલ માટે 20 અમલીકરણ નોડલ તથા 27 અમલીકરણ મદદનીશ નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે.

## WHEELCHAIR RELI- MEHSANA

મહેસાણામાં દિવ્યાંગ મતદારો સરળતાથી મતદાન કરી શકે તે હેતુથી તમામ 1 હજાર 37 મતદાન મથકોએ કાયમી ધોરણે વહીલચેરની વ્યવસ્થા કરી મહેસાણા જિલ્લાએ રાજ્યમાં પ્રથમ સિદ્ધિ હાંસલ કરી છે.

અમારા મહેસાણા જીલ્લાના પ્રતિનિધી જયંતિ ચૌધરીના જણાવ્યા અનુસાર, આજે જીલ્લામાં દિવ્યાંગોની વ્હીલચેર રેલી યોજાઇ હતી, જેમાં દિવ્યાંગજનોએ વહીલચેર સાથેનો સક્ષમ લોગો બનાવી મતદાન કરવાનો સંદેશો આપ્યો હતો.

## NARMADA- PARIKRAMA

નર્મદાની ઉત્તરવાહીની પરિક્રમા આવતીકાલથી શરૂ થઈ રહી છે. આવતીકાલથી શરુ થનારી પરિક્રમા 8 મે સુધી ચાલનાર છે. એક મહિનો ચાલનાર પરિક્રમા માટે આવતા શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તેને

ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પુરતી કાળજી સાથે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

અમારા નર્મદા જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે પરિક્રમાને ધ્યાને રાખી જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાએ શ્રદ્ધાળુઓ માટે વિસામો, પરિક્રમા પથ સહિત સુરક્ષા વ્યવસ્થા અંગેની સમીક્ષા કરી હતી. વહીવટી તંત્ર દ્વારા પુરતી માત્રામાં નાવડીઓની સુવિધા કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓ માટે નાવડી સંચાલન, પાર્કિંગ, આરોગ્ય, સલામતી, છાંયડો, પીવાના પાણીની વ્યવસ્થા તેમજ કન્ટ્રોલરૂમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

## WORLD HEALTH DAY

આજે વિશ્વ આરોગ્ય દિવસ છે. વૈશ્વિક સ્વાસ્થ્ય જાગૃતિ વધારવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષની વિષયવસ્તુ - 'મારું સ્વાસ્થ્ય, મારો અધિકાર' છે.

આ પ્રસંગે આકાશવાણી સાથે વાત કરતાં નવી દિલ્હી એઈમ્સના પ્રોફેસર ડૉ. રીમા દાદાએ જણાવ્યું હતું કે, જીવનશૈલીમાં મુખ્ય ફેરફારો અને યોગ જેવી પદ્ધતિઓ અપનાવવાથી રોગોને હરાવવામાં મદદ મળી શકે છે.

તો બીજી તરફ અમદાવાદ ખાતે hpcl ના પેટ્રોલ પંપ પર કામ કરતાં કર્મચારીઓને જાણીતા ડાયેટિશિયન દ્વારા સારું ભોજન સારા સ્વાસ્થ્ય અંગે માહિતી આપવમાં આવી હતી.